# યુપીએસસી દ્વારા લેવાયેલ આઈએએસની પરીક્ષામાં સાબરકાંઠાનો યુવાન ઝળક્યો

## ખોબા જેવડા રમોસના વિપુલે ગુજરાત સહિત સાબરકાંઠાને ગૌરવ અપાવ્યું

હિંમતનગર, તા. ૫

ભારતીય સનદી સેવા (યુ.પી.એસ.સી.)ની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના ખોબા જેવડા નાનકડા એવા રમોસ ગામના સપૂત વિપુલકુમાર હિરાલાલ મેસરીયાએ ૫૨ ઉમી રેન્ક મેળવી ઉત્તીર્ણ થઈ સમગ્ર ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, નવી દિલ્હી દ્વારા જાહેર થયેલા સનદી સેવાના પરીક્ષાના પરીણામમાં ગુજરાતના નવ ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે. તેમાં સાબરકાંઠાના રમોસ ગામના યુવાન વિપુલકુમાર ૫૨ ઉમો રેન્ક મેળવી ઉત્તીર્ણ થયો છે. વિપુલે ધો. ૧ અને ૨ નું પ્રાથમિક શિક્ષણ ગામમાં ઉપલબ્ધ રાજ્ય સરકારની ગુજરાતી પ્રાથમિક શાળામાં જ મેળવ્યું હતું. જ્યારે ધો. ૩ થી ૭ સુધી ગામની બાજુમાં આવેલા નારાયણપુરા કંપામાં મેળવી માધ્યમિક શિક્ષણ શિણોલમાં અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મોડાસાની મખદુમ હાઈસ્કૂલમાં મેળવ્યું હતું. ધો. ૧૦ વિજ્ઞાન પ્રવાહમાં ઉંચી ગુણવત્તાના કારણે અમદાવાદ સ્થિત નિરમા યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રીક બ્રાન્ચમાં બી.ઈ. તેમજ એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ, અમદાવાદમાં એમ.ઈ. ડીગ્રી મેળવી નોકરીની શરૂઆત મદ્રાસની એક આંતરરાષ્ટ્રીય ખાનગી કંપનીમાં કરી હતી. વિપુલકુમાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ વર્ગ-૨ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ હાલ પંચમહાલ જિલ્લામાં તાલીમી મામલતદાર તરીકે ફરજ બજાવે છે. વિપુલકુમારે સનદી સેવામાં ઉત્તીર્ણ થઈ રાજ્ય અને જિલ્લાના યુવાનો માટે પથદર્શક બની જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

### પાલનપુરમાં જૂથ અથડામણ ૩ની અટકાયત

પાલનપુર, તા. ૫

પાલનપુરમાં ગુરૂવારે બપોરે દિલ્હીગેટ તરફથી સંજય ચોક તરફ જતા માર્ગ પર કબ્રસ્તાનના ખુલ્લા મેદાનમાં ઊભી રહેતી જીપોવાળા અને શહેરના સ્થાનિકો વચ્ચે જૂથ અથડામણ થયેલ હતી. અથડામણ સંબંધે પોલીસ ફરિયાદ પો.ઈ. શ્રી ડી.કે. ભોઈ અને સ્ટાફે તપાસ કરીને ત્રણ ઈસમોની અટકાયત કરેલ હતી. (૧) મકબુલ ગુલાબખાન ધાસુરા (૨)યાસીન દૌલતખાન ધાસુરા (૩) સૌકતખાન ધાસુરાની ધરપકડ કરી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.



કાંકરેજ તાલુકાના રણાવાડાથી શિહોરી જવાનો સીંગલ પટ્ટીવાળો રસ્તો મોટાભાગે તુટી ગયેલો છે અને રોડની બન્ને સાઈડોમાં ગાંડા બાળળોના ઝૂંડ લચીપડ્યા છે તેમજ સામસામે આવતા વાહનો પણ દેખાતા ન કોઈ મોટી જાનહાની ન થાય તેથી લાગતા વળગતા અધિકારીઓ જાતે તપાસ કરી બાવળોનું કટીંગ કરાવે અને રોડ પર પડેલા ગાબડાં પૂરાવે તેવો જનમત છે. લોકોની લાગણી અને માગણી અધિકારીઓ સ્વીકારશે ખરા ? (તસવીર : હેમુભા વાઘેલા)

### ધનસુરાની મહિલા કોલેજમાં ચોરીનો ત્રાસ પોલીસ નિષ્ક્રિય

ધનસુરા, તા. ૫

ધનસુરામાં ઉનાળાની શરૂઆત થતાં જ તસ્કરો શિક્ષણ સંસ્થાના તાળા તોડીને ચોરીના શ્રીગણેશ કરેલ છે. મહિલા કોલેજની રૂમોના તાળા તોડીને સામાનને રફેદફે કરી તસ્કરો ભાગી ગયેલ છે. ચોરીની જાણ થતાં મહિલા કોલેજના આચાર્ય કોલેજમાં આવી તપાસ કરી હતી. કોઈ મોટી ચોરી કે નુકશાન થયેલ જણાતું ન હોતું. આચાર્યશ્રીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અગાઉ પણ આજ કોલેજમાં ચોરીના બનાવ બનેલ છે. જેથી મહિલા કોલેજની કોઈ સલામતી નથી. પ્રજામાં ગભરાટ ફેલાયો છે. પોલીસે પેટ્રોલીંગ સખત કરવાની જરૂરીયાત છે. તેમ લોકોની માંગણી છે.

# અગમ્ય કારણોસર પતિ પત્નીએ ઝેરી દવા ગટગટાવી

તાજપુર કેમ્પ, તા.૫

તલોદ તાલુકાના બડોદરા ગામે ગત રોજ રાત્રિના અગિયાર વાગ્યાના સુમારે પતિ પત્નિએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતા પતિનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે પત્ની હજુ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાય છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

મળતી માહિતી અનુસાર તલોદ તાલુકાના બડોદરા ગામે બળવંતસિંહ હરિસિંહ ઝાલા ઉ.વ.૩૩ અને તેઓની પત્ની વિલાસબા બળવંતસિંહ ઝાલા ઉ.વ. ૩૨ પોતાની ૭ વર્ષની દીકરી સાથે પોતાનું સુખી જીવન સંસાર ગુજારી રહ્યા હતા પરંતુ ગત રોજ પતિ-પત્ની બંનેએ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી ગયા હતા. થોડા સમય બાદ આ દૃશ્ય જોઈ આસપાસના રહીશોએ તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જયાં પતિનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. જયારે પત્ની હજુ પણ તબીબની દેખરેખ નીચે જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે. બળવંતસિંહ ઝાલાના મૃત્યુ બાદ તેમના મૃતદેહની સમાજના રીત રીવાજ મુજબ અંબાજીના મુવાડા ગામે અંતિમ વિધી કરવામાં આવી હતી.

### કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે તેરસની ધામધૂમપૂર્વક ઉજવણી

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજના તપોધન ફળીયામાં આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં તેરસની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાવલ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

પ્રાંતિજમાં તપોધન ફળીયામાં આવેલા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે આયોજીત તેરસની ઉજવણી પ્રસંગે સવારથી જ બહોળી સંખ્યામાં ભકતોની ભીડ જામી હતી જે મોડી રાત સુધી હાજર રહી પૂજા અર્ચના અને પ્રસાદનો લાભ લીધો હતો અને ભજન કીર્તનની મજા માણી હતી. આ ટાણે સંજયકુમાર રાવલ તરફથી પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### પાલનપુરમાંથી જુગાર રમતા ચાર શકુની ઝડપાયા

પાલનપુર, તા. ૫

પાલનપુર -અમદાવાદ હાઈવે ઉપર નંદ બંગ્લોઝ પાસે અંજલી હેર કટીંગના ઓટલા પાછળ જુગાર રમતા ચાર ઈસમોને શહેર પોલીસે રંગહાથ ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ હાઈવે ઉપર નંદ બંગ્લોઝ પાસે જુગાર રમતા ૧) વસંત રામજી પ્રજાપતિ ૨) મૌલિક સોમાભાઈ પટેલ ૩) નાગેશ્વર લક્ષ્મણપ્રસાદ ભાટ(બારોટ) ૪) હિતેશ જગદીશ પ્રજાપતિને જુગાર રમવાના સાહિત્ય અને રૂા. ૬૪૫૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરીને આગળ કાર્યવાહી હાથ ધરવામાંઆવી છે. શહેરમાંઅનેક જગ્યાએ આવા જુગારના ધામો અને દેશી દારૂના અડ્ડાઓ પર પોલીસ લાલ આંખ કરે તેમ પાલનપુર શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# ભાણીયાના નામે કરાયેલી મિલકત પચાવી પાડવા માસીના કારસ્તાન

## ગભરાયેલા પિતાએ સાળી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

હિંમતનગર, તા. ૫

સ્વાર્થી જમાનામાં કહેવાય છે કે સગા સૌ સ્વાર્થના હોય છે. એ કહેવતને ચરિતાર્થ કરતો એક કિસ્સો શનિવારે ઈડર તાલુકામાં બહાર આવ્યો છે. જેમાં સગી માસીએ પોતાના બે ભાણીયાના નામે કરાયેલી મિલ્કત પચાવી પાડવાના કારસો રચતા તેણી વિરૂદ્ધ બે બાળકોના પિતાએ ઈડર પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવી ન્યાય માગ્યો છે.

આ અંગેની વિગત એવી છે કે ઈડરના નાયકાનગર વિસ્તારમાં રહેતા રાજુભાઈ નારણદાસ નાયકના લગ્ન ચૌદ વર્ષ અગાઉ ઈડરના જ ગીતાબેન બચુભાઈ નાયક સાથે થયા હતા. તેમના લગ્ન જીવનમાં યશ અને ઈશીકા નામના બે બાળકોએ ઘરને નંદનવન બનાવ્યું હતું. પરંતુ કરણની કઠનાઈ કહો કે બે બાળકોનું નસીબ વાકુ હોય તેમ ગીતાબેનનું અનાયસે અવસાન થયું હતું. જેથી આ બંને બાળકોના પિતાએ પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાની મિલ્કત બાળકોના નામે કરી તેમને કોટડાની આશ્રમ શાળામાં ભણવા માટે મુક્યા હતા.

દરમિયાન રાજુભાઈની સાળી અને યશ તથા ઈશીકાના માસી એવા દક્ષાબેન બચુભાઈ નાયકની દાનત બગડતાં પોતાના બંને ભાણીયાઓની મિલ્કત પચાવી પાડવાના કારસો રચ્યા હતા. જેથી દક્ષાબેન તાજેતરમાં વેકેશન પડ્યું ત્યારે કોટડાની આશ્રમશાળામાં જઈને બંને બાળકોને ગહત તા. ૧૮ એપ્રિલના રોજ પોતાના ઘરે લાવવા માટે ગુંડા તત્વો સાથે પહોંચી ગયાનો પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

એટલુ જ નહિ પણ દક્ષાબેને તેમના બનેવી એવા રાજુભાઈને ધમકી આપીને કહ્યું હતું કે જો બાળકોનુ નામ લીધુ છે તો જોવા જેવી થશે તેમ કહી બંને બાળકોને દક્ષાબેને પોતાના ઘરે લઈ આવ્યા હતા અને કહ્યું હતું કે તેમના નામે કરાયેલી મિલ્કત પર ડોળો રાખીને રાગદ્વેષ રાખ્યો હતો. ત્યારબાદ ગભરાઈ ગયેલા રાજુભાઈ અમદાવાદ પોતાની નોકરીના સ્થળે જતા રહ્યા હતા. આખરે તેમણે પોતાની સાળી વિરૂદ્ધ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

# ધનસુરા ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ધનસુરા, તા. ૫

ધનસુરા ખાતે તાલુકા પંચાયતની નજીક શિક્ષણ મંત્રી રમણલાલ વોરાની હાજરીમાં ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો.

આ ગરીબ કલ્યાણ મેળામાં ૩૬૫૬ લાભાર્થીઓને ૪૧૫.૫૩ લાખની સહાયની ચુકવણી કરી હતી. આ કાર્યક્રમમાં હાજર મહેમાનોએ સરકારે ગરીબો માટેની આવી અનેક યોજનાઓનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ સુરાભાઈ પરમાર, જિલ્લા તાલુકા પંચાયતના હોદ્દેદારો, સભ્યો, મોડાસા, બાયડના સરકારી કર્મચારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. દિલીપસિંહ પરમાર, હેમલતાબેન પટેલના વરદ્ હસ્તે લાભાર્થીઓને ચેક અપર્ણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન મામલતદાર, ટીડીઓ દ્વારા કરવામાં આવેલ હતું.

# દલપુર પાસે અકસ્માત થતા એકનું મોત, બે ને ઈજા

હિંમતનગર, તા. ૫

પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ દલપુર પાટીયા પાસે શુક્રવારે રાત્રે કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી કારને ગરનાળાની દિવાલ પર ચઢાવી દેતા તેમાં આગ લાગી હતી. જેના કારણે એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. તેમજ બે જણાને ઈજા પહોંચી હતી. બનાવ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે રાત્રે દલપુર પાટીયા પાસેથી પસાર થતી મારૂતી કાર નં. જીજે-૧-કે-એલ-૨૨૩૦ના ચાલક યોગેન્દ્રભાઈ જશપાલસિંહ સીસોદીયા (રહે. યુવરાજ પાર્ક સોસાયટી, નરોડા અમદાવાદ) એ ગફલતભરી રીતે ડ્રાઈવીંગ રી કારને પુલીયા પર ચઢાવી દીધી હતી. જેના કારણએ કારમાં એકદમ આગ લાગી હતી. દરમિયાન કારમાં બેઠેલા મનજીતસિંહ જગદીશભાઈ પંજાબી (રહે. બાપુનગર અમદાવાદ)ને દાઝી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમનું કરૂણ મોત નિપજ્યું હતું ઉપરાંત કારમાં જઈ રેહલા અમીતભાઈ જૈન અને યોગેન્દ્રભાઈ સીસોદીયાને ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલમાં લવાયા હતા. ઉપરોક્ત ત્રણેય જણાં માઉન્ટ આબુથી અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે દલપુર પાટીયા પાસે અકસ્માત સર્જાયો હતો. બનાવ અંગે તરૂણભાઈ કિશોરભાઈ બોરીયાએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

# આજે બૌદ્ધ વંદના કાર્યક્રમ યોજાશે

અમદાવાદ, તા. ૫

તથાગત ભગવાન ગૌતમ બુદ્ધના જન્મ દિવસ વૈશાખી પૂનમે આજે તા. ૬ મે-૨૦૧૨ને રવિવારના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન પાછળ આવેલાં બુદ્ધ વિહારમાં ગૌતમ બુદ્ધના જન્મ દિવસે સાંજે ૬ વાગ્યે બૌદ્ધ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.



કાંકરેજ તાલુકાના રણાવાડા (જાગીરી) પ્રાથમિક શાળાના મેઈન ગેટની આગળ જ ૧૧૦૦૦ વોલ્ટેજવાળી મેઈન લાઈન તેમજ ગ્રામ જ્યોતીની લાઈન ક્રોસ થતી હોવાથી ભવિષ્યમાં કોઈ ડી ફોલ્ટ થાય અને કોઈના લાડકવાયાનો જીવ જોખમમાં મુકાય તે પહેલા લાઈન ક્રોસિંગ નીચે જાળી બાંધવામાં આવે તેવું ગામ લોકો ઈચ્છી રહ્યા છે. ગામના નાગરિક રાવલ નથ્થુરામના જણાવ્યા મુજબ ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓ નિશાળની મુલાકાત લઈ જાત તપાસ કરી ઘટતુ કરે તેવી લોકોની લાગણી છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# સાબરકાંઠાના ક્વોરી ઉદ્યોગથી ખેતીવાડીને વ્યાપક નુકશાન

ધનસુરા, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં સૌથી મોટો ક્વોરી ઉદ્યોગ ખાણ, ખનીજ ખાતું કલેકટર કચેરી તથા ક્વોરી ઉદ્યાગકારોની સાંઠગાંઠના કારણે રામ ભરોસે ચાલી રહ્યો છે. જેના કારણે પ્રદૂષણનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. કવોરી શરૂ કર્યા પછી સરકારશ્રીના નિયમોનું ખુલ્લે આમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. પ્રદૂષણ બોર્ડની નોટીસોને કોઈ ગણકારતું નથી. ક્વોરીની ફરતે કમ્પાઉન્ડ વોલ ૨૦ ફૂટની ઊંચાઈએ રાખવી ફરજિયાત છે. લીઝ ખાણ ઉપર ફેન્સીંગ કરવાની હોય છે. બ્લાસ્ટીંગ થાય ત્યારે ચેતવણી અને સલામતી ગોઠવવાની હોય છે. પરંતુ આમાં કોઈ જ અમલ થતો નથી. જિલ્લાની કેટલીક ક્વોરીઓ ગેરકાયદેસર અને વગર લાયસન્સે ચાલે છે.

ક્વોરી ઉદ્યોગને કારણે નજીકના ખેતરોમાં પ્રદૂષણ ખૂબ જ ફેલાય છે. જેથી ખેતીવાડીને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયા છે. ગામની નજીક ક્વોરીને દૂર કરવાના કોર્ટના હુકમો છતાં તેનો અમલ થતો નથી. આવા સંજોગોમાં આજુબાજુના ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે સત્યાગ્રહ કરવાની ફરજ પડશે તેમ લોકો જણાવે છે.

# સાબરકાંઠાના કોગ્રેસી કાર્યકર મહાસુખભાઈ મહેતાનો શ્રદ્ધાસુમન કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પીઢ કોગ્રેસી કાર્યકર, પૂર્વ ડીરેકટર ગુજરાત વિદ્યુત બોર્ડ અને સાબરકાંઠા જિલ્લા આંતર રાષ્ટ્રીય પુષ્ટ માર્ગીય વૈષ્ણવ પરિષદના પ્રમુખશ્રી મહાસુખભાઈ મહેતાના નિધન થતાં તેમને શ્રદ્ધાસુમન કાર્યક્રમ માલપુર મુકામે શ્રદ્ધાંજલિ સ્વરૂપે યોજાયેલ હતો. જેના ‘ચાલો જીવ શ્રી વલ્લભના શરણે’ નાટક રાખવામાં આવેલ હતું.

આ પ્રસંગે વૈષ્ણવ સમુદાયના અમદાવાદ, મોડાસા, ગાબટ, ઉભરાણ, ધનસુરા, બાકરોલ, લુણાવાડાથી મોટા પ્રમાણમાં લોકો હાજર રહ્યા હતા. સદ્ગત આત્માને ચીર શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળવામાં આવેલ હતું.

આ પ્રસંગે મેઘરજના ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, વિજયભાઈ ઠેકડી, માલપુર ગ્રામ પંચાયતના સરપંચશ્રી આશાબેન શાહ વગેરે હાજરી આપી હતી.

કલાકારોએ નાટિકાની સુંદર રજૂઆત કરીને હાજર રહેલાઓના દિલ જીત્યા હતા.

વિશ્વાસ નો આધાર....
NATURAL RESOURCES ENVIRONMENT NRE
NRE TMT
FOSROC Waterproofing Solution
અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
એવોર્ડ વિજેતા ૨૦૦૮-૨૦૧૦
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન